Vol. 03, Issue 03, December 2021
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info… www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

# સલ્તનકાલીન અમદાવાદની વાવોનો ઇતિહાસ

**Mr. Gohel Paras H.**
Ph.D. Research Scholar
Gujarat Vidhyapith, Ahmedabad
Email : malvia.rocky64@gmail.com

સારાંશ

કોઈપણ પ્રકારની વાવો જોવા મળે છે તેના પરથી જ તેના સ્થાપત્યનો ખ્યાલ આવી જાય છે. સામાન્ય રીતે વાવ જાહેર માર્ગો પર જ વટેમાર્ગુઓ પાણી પી શકે અને વિસામો કરી શકે તે માટે બનાવવામાં આવી છે. આ વાવો સોદાગરો કે શ્રેષ્ઠીઓ પાણીની સવલત અને વિરામની સગવડના હેતુ માટે દાનપૂણ્ય કમાવા બંધાવતા હોય છે. જેને 'પૂર્વધર્મ' કહીને બિરદાવવામાં આવે છે. શિલ્પ શાસ્ત્ર પ્રમાણે વાવના ચાર પ્રકાર હોય છે.

૧. એક મુખની ત્રણ કૂટની વાવને નંદા કહેવાય છે. (કૂટ એટલે માટ, ખંડ-મંડપ)
૨. બે મુખની કૂટની વાવને ભદ્રા કહેવાય છે.
૩. ત્રણ મુખની નવ કૂટની વાવને જયા કહેવાય છે.
૪. ચાર મુખની ૧૨ કૂટની વાવને વિજ્યા કહેવાય છે.

સલ્તનકાળ દરમિયાન અમદાવાદમાં મુખ્યત્વે ત્રણ વાવ બંધાવેલી જોવા મળે છે. જેમ કે અડાલજની વાવ, બાઈ હરિરની વાવ અને માતર ભવાનીની વાવ જેની વિસ્તૃત માહિતી નીચે મુજબ છે.

**Key Words:** વાવના પ્રકારો, અડાલજની વાવ, બાઈ હરિરની વાવ, માતર ભવાનીની વાવ

## અડાલજની વાવ

અમદાવાદથી ૧૮ કિ.મી. દૂર મહેસાણા જવાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ નજીક આ વાવ આવેલી છે. એમાં ત્રણ બાજુથી પ્રવેશી શકાય છે. એ બાબત બતાવે છે કે ત્યાં આવવાના ત્રણ રસ્તા હશે જેથી દરેક રસ્તા તરફ એનું મુખ કરેલું છે. સલ્તનતકાલની વાવોના આયોજનમાં હિંદુશાસ્ત્રોનો આધાર જરૂરી છે પણ તેની નકલ નથી.

ઈ.સ.૧૪૯૯ (વિ.સં.૧૯૫૫)માં મહમૂદના રાજ્યકાળમાં બંધાઈ હતી. આ વાવ વાઘેલાવંશના રાજા મોકલસિંહ જેનો પુત્ર કર્ણ અને તેનો પુત્ર પૃણુ, રાજા મુલુનો પુત્ર મહિપ અને મહિપનો પુત્ર વિરસિંહ. વિરસિંહની રાણી રૂડાદેવીએ આ વાવ ૧૬ જાન્યુઆરીમાં ઈ.સ.૧૪૯૯માં બંધાવી હતી. એ સમયે મહમૂદ બેગડો શાસન કરતો હતો. આ વિસ્તાર એ સમયે દંડાહિ પ્રદેશ તરીકે ઓળખાતો જે હાલના કલોલ મહેસાણા વિસ્તારમાં આવેલો હતો. વાવ બાંધનાર સલાટનું નામ માસબ હતું જે શ્રીમાળી જ્ઞાતિનો હતો.

દંતકથા મુજબ રાણી રૂડાબાઈને સતી કહેવાય છે અને રાણી રુડાબાઈનો પતિ વિરસિંહ મહમૂદ બેગડા સાથે યુદ્ધમાં માર્યો ગયો હતો અને બાદશાહ તેની સાથે પરણવાનો આદેશ મોકલ્યો ત્યારે રૂડાબાઈએ શરત મૂકી કે આ વાવ તૈયાર થશે ત્યારે તેમની સાથે પરણીશ પરંતુ જ્યારે છેલ્લો માળ બંધાતો હતો ત્યારે રાણી રૂડાએ આ વાવમાં કૂદી આપઘાત કર્યો અને સતી થઈ ગઈ.

**સ્થાપત્ય**

આ વાવ કદમાં દાદા હરિરની વાત કરતા મોટી નથી પરંતુ અલંકારમાં એનાથી બહુ ચડિયાતી છે. એના પ્રવેશવાના ત્રણ દ્વાર છે. આ વાવમાં પ્રવેશતા જ ૨૨૧/૨ ફીટનો ચોરસ મંડપ આવેલ છે. એના પર સાધારણ રીતે અષ્ટકોણ ઘુમ્મટ કર્યો હશે પણ ઘુમ્મટ હાલ નથી. મંડપના થાંભલા પણ કોતરણીયુક્ત છે. મંડપની ચારે બાજુ પાણિયારી માટેની ઓરડીઓ છે. એના સુંદર ઝરૂખા મંડપની શોભામાં વધારો કરે છે. એક ગોખમાં હિંદુ દેવની મૂર્તિ છે. એકમાં સાધારણ ગુજરાતી આકારની નવ ગાગર ત્રણ ત્રણ હારમાં કોતરેલી છે. બીજા માળમાં અષ્ટકોણ કુવાની ભીંતમાં નવગ્રહોની મૂર્તિઓ છે. પાણીની ઉપરના માળમાં એક પાટડીમાં જુદી-જુદી ઘરગથ્થુ બાબતો કોતરી છે. એમાં એક પલંગ, પાણીની શીરોહી વગેરે શયનખંડની સામગ્રી છે. આ પાટડા પાણી હોય તો જ દેખાય છે. એટલે કોતરણીની બાબતમાં આ વાવમાં ઘણું જ જોવાનું છે. વાવ અધૂરી રહી હશે એમ ધારવામાં આવે છે.

**વાવનો શિલાલેખ**

વાવના આરંભમાં બાંધકામને લગતો શિલાલેખ નજરે પડે છે. આ શિલાલેખ પંદરમી શતકની નાગરી લિપિમાં કોતરેલો છે. લેખમાં એકંદરે ૨૭ પંક્તિ છે. એમાંની છેલ્લી ત્રણ પંક્તિ એ સમયની ગુજરાતી ભાષામાં લખેલી છે. લેખનો બાકીનો બધો ભાગ સંસ્કૃતમાં લખેલો છે. સંસ્કૃત લખાણનો મોટો ભાગ પદ્યમાં રચલો છે. માત્ર ત્રણ- ચાર પંક્તિ જ ગદ્યમાં છે. પદ્યમાં કુલ ૧૬ શ્લોક છે. એમાંના ૯ અનુષ્ટુપમાં, ૨ ઉપજાતિમાં, ૨ શાર્દુલવિક્રીડમાં, ૨ વસંત તિલકામાં, ૭ ઈન્દ્રવજ્જામાં છે. શ્લોક ૧૧ થી ૧૫માં વાવની ભવ્યતા તેમજ રાણી રૂડાદેવીની કીર્તિ અને આ વાવ બંધાવવા રૂડાદેવીએ ખજાનામાંથી પાંચ લાખ ટાંકા લીધા હતા તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**બાંધકામ પદ્ધતિ**

આ વાવની બાંધકામ પદ્ધતિની નબળાઈ એ છે કે એનો ટેકો આપનારી પથ્થરની દિવાલ જો સરખી રીતે અને ચોકસાઈપૂર્વક જમીનના અલગ અલગ ભાગોમાં અંદર સુધી સરખી રીતે ગઈ ન હોય તો જમીન પાણીના ભેજ લાગવાને લીધે પોચી અથવા ધરતીકંપ કે કુદરતી આફતના

આંચકાથી દિવાલની પકડ ઢીલી થઈ જાય અને પેઢીયા એની જગ્યાએથી ખસી જાય છે જેથી સમગ્ર વાવનું બાંધકામ ખસી જાય છે. સલ્તનતકાલમાં વાવ બાંધનાર સ્થપતિઓને આ નબળાઈઓનો ખ્યાલ આવી ગયો હશે તેથી તેમણે વાવનું લંબાણ વધાર્યું અને ક્રમે ક્રમે ઊંડા ઉતરવાની યોજના કરી. આ યોજનાના અમલરૂપે તેઓ સૌ પ્રથમ કૂવો ખોદી લેતા પછી અમુક ઊંચાઈએ પાણીની સપાટીનો નજીકનો છેલ્લામાં છેલ્લી જે ઊંચાઈ હોય કે જયાંથી પાણી આવતા બાજુના કુંડમાં સંગ્રહાય ત્યાંથી પ્રવેશનું અંતર નક્કી કરી વચ્ચે ગાળા રાખી ખોદકામ ઊંડુ ઉતારતા જતા. એક ભાગનું ખોદકામ પુરુ થાય ત્યાં સપાટ જમીન રાખી એના પર બાંધકામ કરી લેતા પછીથી ઢોળાવવાળું ખોદકામ કરતા અને પગથિયા ગોઠવતા. સ્તંભોને જોડી દેતા આજુબાજુની ભીંતમાં પથ્થરો ઊંડે સુધી જવા દેતા અને એના ટેકાથી બરાબર પકડ કરવામાં આવતી. જેના કારણે વાવની લંબાઈ વધવાના કારણે તે વધુ મજબૂતાઈ વાળી અને સલામતવાળી બનીને ક્રમે ક્રમે ઊંડા ઉતરવાથી વાવમાં જનાર વ્યક્તિને થાક પણ ના લાગે બાઈ હરીર અને અડાલજની વાવમાં આ પ્રકારનું બાંધકામ સ્પષ્ટ દેખાય છે.

## બાઈ હરિરની વાવ

આ વાવ સુલતાન મહમૂદ બેગડાના અંતપુરની કોઈ હરિર નામની સ્ત્રીએ બંધાવી છે. આ બાઈની અંતપુરમાં અને વજીરોમાં ઘણી લાગવગ હતી એમ લેખ ઉપરથી જાણી શકાય છે. મહમૂદ બેગડાનો પુત્ર ખલીલખાં જેણે મુઝફ્ફરશાહ બીજો નામ ધારણ કરેલું તેની માતાનું નામ હરિબાઈ હતું. આથી હરિબાઈના નામ પરથી આ વાવનું નામ બાઈ હરિર હશે એમ માની શકાય.

અમદાવાદ શહેરની ઈશાને વિ.સં.૧૫૫૬ના પોષ સુદ ૧૩ને સોમવાર (૧૫ ડિસેમ્બર ૧૪૯૯) હરીરપુરમાં ૩,૨૯,૦૦૦ મહમૂદી ખર્ચીને વાવ બંધાવી. હરિરપુર પણ તેણે જ વસાવ્યું. વાવની જોડે એક ફળનો બગીચો અને મસ્જિદ પણ બંધાવી હતી. વાવ મુસલમાન અમલદારની દેખરેખ નીચે હિંદુ સ્થપત્યોએ બાંધી છે એવો ઉલ્લેખ છે.

આ વાવમાં એક સંસ્કૃત લેખ અને બીજો અરબી ભાષામાં લેખ છે. જેમાં હિ.સં.૯૦૬ તા. ૮ નવેમ્બર જમાઉદ્દીલ અવલ આવેલી છે. એટલે કે ૩૦ નવેમ્બર ઈ.સ.૧૫૦૦ થાય. આમ બે લેખની વચ્ચે વરસ એકનું અંતર પડે છે. દાદા હરિરની વાવમાં ડાબી બાજુએ માથે ઘુમ્મટદાર છત્રીવાળો પ્રવેશનો ચોતરો છે અને ત્યાંથી ત્રણથી ત્રણ કટકે નીચે પાણી સુધી જતા દર્શાવ્યા છે. પાણીના કૂવાના ભાગ ઉપર બે માળનું અંદર ઝરૂખાવાળું છત્રીવાળું બાંધકામ છે.

## વાવનું સ્થાપત્ય અને વિશેષતાઓ

Vol. 03, Issue 03, December 2021
ISSN (Online) No. 2582 – 046X
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

આ વાવની કુલ લંબાઈ ૨૪૧/૨ ફીટ છે. અષ્ટકોણ કૂવાનો ચોરસ ભાગ ૨૪ ફીટનો છે. મંડપ ઊંચા નથી, થાંભલા સાદા છે. દરેક ખંડમાં મસ્જિદની જેમ ગોખ મુકેલા છે. વાવ કોતરણીયુક્ત છે. છેક પાણી સુધી જતી બે નાની ગોળ ચક્રાકાર સીડીઓ છે. વાવના બાંધકામની યોજનામાં મુખ્ય પદ થાંભલાની બેસણીનો વિસ્તાર છે. એના આધારે ૨,૩,૪ ગુણાકારમાં જગ્યા ખાલી રાખી છે.તેથી એનો સ્કેલ ખૂબ જ મનમોહક બન્યો છે. વળી ઊંચાઈમાં પણ આ જ પદનો ગુણાકાર ઉપયોગમાં લીધો છે. જેના કારણે સમગ્ર વાવનું આયોજન સરળ છતાં સપ્રમાણ બને છે. પગથિયાનું માપ પણ ઉંચાઈમાં આ પગથિયાથી અર્ધુ અને એનો સપાટ ભાગ ૨ પદ જેટલો ખૂબ વ્યવસ્થિત છે. આ વાવ ભદ્રા પ્રકારની છે.

## વાવનો શિલાલેખ વિ.સં.૧૫૫૬

અમદાવાદમાં બાઈ હરિરની વાવમાં અરબી લેખની સામે દીવાલ પર સંસ્કૃત લેખ છે. તે સંવત ૧૫૫૬ કે શક ૧૪૨૧ (ઈ.સ.૧૪૯૯)ના પોષ સુદ ૧૩નો સમય નિર્દેશ આપે છે. તેનું ભાષાંતર મુંબઈની એલ્ફિસ્ટન કોલેજના હરિવામન લિમય બી.એ. એ કર્યું છે. આ વાવ એક મુસલમાન કારભારી માલિક લીહામંદની દેખરેખ નીચે હિંદુ સ્થપતિ ગજ્જર વૈસ સુથાર વીરા તથા એના સહાયક સુથાર દેવાએ બાંધી હોવાની વિગત જોવા મળે છે.

આ વાવની બરોબરની પશ્ચિમે દાદા હરિરની મસ્જિદ આવેલી છે. બાઈ હરિરે વાવ અને બગીચા સાથે પોતાના માટે રોજો બંધાવ્યો હતો. આ મસ્જિદનો દેખાવ બીબી અચ્યુત કૂકી, મિયાખાં ચિશ્તી અને રાજપૂરની મસ્જિદો મહોરાના મિશ્રણ હોય એવો લાગે છે. તેના મિનારા પણ જર્જરિત થઈ ગયા હોવાથી ૧૯મી સદીમાં પબ્લિક વર્કસખાતાએ ઉતરાવી નાખાવ્યા હતા. મસ્જિદની પહોળાઈ અથવા ઊંચાઈ ઓછી છે. માત્ર વચલો ઘૂંમટ સમાઈ રહે એવડી જ છે. નકશીકામ પણ ખૂબ જ સારુ છે.આ મસ્જિદનું માપ ૮૭૧/૨ X ૨૦૧/૨ ફીટ છે. મસ્જિદને અડીને આંગણાની ઉત્તર બાજુએ બાઈ હરિરનો રોજો આવેલો છે. એ પણ થોડા કાંગરા અને ઝીણી નકશીથી શણગારેલ છે. રોજાનું માપ ૫૦ ફીટ ચોરસ છે અને અંદરનો ભાગ ૨૭ ફીટ ચોરસ છે.

## વર્તમાન પરિસ્થિતિ

બાઈ હરિરની વાવની ખ્યાતિ સાંભળીને દેશ વિદેશથી ઘણા પ્રવાસીઓ આ વાવની મુલાકાત અચુક લે છે પરંતુ હાલમાં વાવની પરિસ્થિતિ જોતા તેઓ મુલાકાત લેવાનું ટાળે તેવી સ્થિતિ છે. ૧૯૯૦ના દસકામાં તો ત્યાં કચરાના ઢગલા અને ભીખ માંગતા ભીખારીઓનો ત્રાસ વધારે હતો. આ સુંદર વાવ ખૂબ જ ધૂળ ખાતી હતી. આના લીધે જ ભારત સરકારે આવા વારસારૂપી ઐતિહાસિક

સ્મારકને જાળવી રાખવા તેના રક્ષણ માટે કડક કાયદા ઘડી તેની જોગવાઈ પણ કરી. પુરાતત્વ ખાતુ આ વાવનો કારોભાર સંભાળે છે. આ વાવ હાલમાં સારી સ્થિતિમાં જોવા મળે છે.

## માતર ભવાનીની વાવ

આ વાવ સલ્તન્તકાળની છે કે પહેલાની એ નક્કી કરવું મુશ્કેલ છે. પરંતુ આ વિસ્તારમાં આ વાવ સલ્તનતકાળમાં તો હશે જ એવું પ્રતીત થાય છે. આ વાવ અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલી છે. ડૉ.બર્જેસનું માનવું છે કે આ વાવ શહેર વસ્યું તે પહેલાની હશે.

### સ્થાપત્ય

આ વાવ ગોળાકાર છે. વાવની પશ્ચિમ બાજુએ દોરડાથી કે કોશથી પાણી ખેંચી શકાય તેવી વ્યવસ્થા છે. કૂવાનો પરિઘ ૪.૮૦ મીટર છે. તેના ઉપર ૧.૮૦ મીટર પહોળું કુવાનું થાળું છે. આ વાવ ૯.૧૦ મીટર લાંબી અને ૪.૮૦ મીટર પહોળી છે. તેની આગળની અગાસી ૫.૧૦ મીટર છે. તેની નીચે ૬ થાંભલા છે. ત્યાં સીડીથી પહોંચી શકાય છે. તેના ઉપર બીજી અગાશી છે તે પણ છ થાંભલાને આધારે રહેલી છે. આ સીડીના પગથિયા માપમાં એકસરખા નથી તેને થોડા અંતરે કાપીને આડા કરેલ છે આથી તે કુંડમાં હોય છે તેવા પગથિયા બને છે. આવા આડા પગથિયા હોવાથી ઉતરતા મુશ્કેલી ઊભી થાય છે પરંતુ તેમાં ઠેકઠેકાણે આરામ કરવા માટેના બેઠકો બનાવેલી છે, જેથી પાણી ભરવા આવેલી સ્ત્રીઓ પોતાના પાણીના બેડા ત્યાં સહેલાઈથી મૂકીને આરામ કરી શકે. આ વાવના મથાળે જમીનની સપાટી ઉપર નવ થાંભલાનો મંડપ છે. આ વાવ ત્રણ ખંડની છે. આ વાવ તદ્દન સાદી અને શિલ્પ રહીત છે. આ વાવના થાંભલા પણ કોતરણી વગરના છે. થાંભલાનો નીચેનો ભાગ ચોરસ અને થાંભલા ટૂંકા છે પછી તે ઉપર અષ્ટકોણ બને છે. મંડપની ટોચના છાપરા ઉપર રૂઢીગત સિંહની આકૃતિઓ છે. દરેક બાજુના મધ્યભાગમાં હિંદુ દેવીદેવતાની મૂર્તિઓ છે. આ વાવમાં માતા ભવાનીની મૂર્તિ હોવાથી વાવને માતરભવાનીની વાવ તરીકે ઓળખવામાં આવે છે.

## સમાપન

ઉપર જણાવ્યા અનુસાર સલ્તનકાળ દરમિયાન શિલ્પ અને સ્થાપત્યનો ખૂબ જ વિકાસ થયેલો જણાય છે. જેમાં અમદાવાદમાં સલ્તનતકાળ દરમિયાન વાવ સ્થાપત્ય પણ જોવા મળે છે. જેમાં અડાલજની વાવ, બાઈ હરિરની વાવ અને માતર ભવાનીની વાવ ખૂબ જ અગત્યની છે. આ વાવ તેના બાંધકામ અને સ્થાપત્યને લીધે ઇતિહાસના ઐતિહાસિક વારસાને સમૃદ્ધ બનાવે છે. અડાલજની વાવ તેના ઉત્કૃષ્ટ સ્થાપત્ય, બાંધકામ અને કોતરણીને લીધે 'વર્લ્ડ હેરિટેઝ સાઈટ'માં સ્થાન પામી છે.

## સંદર્ભસૂચિ

૧. મહેતા કપિલરાય, અમદાવાદ સર્વસંગ્રહ, ગુજરાત પબ્લિશર્સ, અમદાવાદ, પ્ર.આ.૧૯૪૮

૨. શાસ્ત્રી હરિપ્રસાદ, પરીખ રસિકલાલ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ભાગ-૫, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, પ્ર.આ.૧૯૬૭

૩. જોટે રત્નમણિરાવ ભીમરાવ, અમદાવાદ ગુજરાતનું પાટનગર, પ્રકાશક:ભોગીલાલ પ્રભુદાસ પટેલ, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૦

૪. જોટે રત્નમણિરાવ ભીમરાવ, અમદાવાદનું સ્થાપત્ય, એનો ઇતિહાસ અને સામાન્ય રૂપરેખા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, દ્વિ.આ.૨૦૧૦

૫. જોટે રત્નમણિરાવ ભીમરાવ, અમદાવાદનું સ્થાપત્ય , ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૧૯૨૯

૬. પટેલ માણેક સેતુ, આ છે અમદાવાદ, ગૂર્જર ગ્રંથ રત્નકાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૭

૭. કાદરી રીઝવાન, અમદાવાદ વૈભવ અને વારસો, ગૂર્જર એજન્સી અમદાવાદ, પ્ર.આ.૨૦૦૫

૮. આચાર્ય નવીનચંદ્ર, ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ